# ઈલ્મે ગયબે મુસ્તફા صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ



## કુર્આનની રોશનીમાં


:: લેખક ::

અઝ : **પ્રોફેસર ડૉકટર મુહમ્મદ મસઊદ અહમદ મુજદ્દિદી** رحمۃ اللہ علیہ (M.A.Ph.D.)

:: અનુવાદક ::

**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**

(સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૮૧ આવૃત્તિ–૨ પ્રત : ૫૦૦૦
૨–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૨ ફેબ્રુઆરી–૨૦૧૧

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧


## અનુક્રમણિકા


✲ **પ્રાસંગિક વાત........** 03
(હઝરત મૌલાના મુફતી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી)

✲ ઈલ્મે ગયબનું વર્ણન કુર્આનમાં 10

✲ અલ્લાહ પોતાના પસંદીદા રસૂલોને ઈલ્મે ગયબ આપે છે 11

✲ નબીઓને આપેલા ઈલ્મે ગયબની જાહેરાત કુર્આનમાં 12

✲ નબીઓ થકી ઈલ્મે ગયબ મળ્યાની જાહેરાત કુર્આનમાં 14

✲ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ એ તેમનો સૌથી મહાન મો'જિઝો 18

✲ હુઝૂર ﷺ સર્વ કાંઈ જોઈ રહ્યા છે ! 23




# પ્રાસંગિક વાત.......

અઝ : **હઝરત મૌલાના મુફ્તી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી**
*(સદર મુફ્તી : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

بسم الله الرحمن الرحيم

**نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْم**

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મુસલમાનોની બુન્યાદી તથા ઈમાની ફરજ છે કે તેઓ અલ્લાહ અને રસૂલના બધા જ કથનોને માને અને રસૂલો તથા પયગંબરોના તમામ મો'જિઝા, ફઝીલતો તથા ખૂબીઓ અને ખુદાદાદ શાનનો એહતેરામ કરે, પોતાની ઝબાનને તેમના ઝિક્રથી ભીની રાખે અને લોકોના દિલોમાં તેમની, ખાસ કરીને તાજદારે અંબિયા عليه الصلوٰة والسلامની મહોબ્બત તથા અઝમતનો દીપક ઉજ્જવળ કરે અને તે બધી વાતોનો જડબાતોડ જવાબ આપે જેનાથી આ ખુદાના મહબૂબ બંદાઓની શાનમાં તૌહીન તથા અપમાન બલ્કે તેનો જરાક શક પણ થતો હોય. અને ''ઈલ્મે ગૈબ''નો મસ્અલો પણ કાંઈક આ જ પ્રકારનો છે. જે અલ્લાહ તઆલા એ પોતાના ખાસ ફઝલથી





અંબિયાએ કિરામ અને રસૂલાને ઈઝામ عليهم السلامને અને તેમના સદકા તથા વસીલાથી તેમના મહબૂબ તથા જાંનિષારોને અતા ફર્માવ્યો. બલ્કે તાજદારે અંબિયા عليه الصلوٰة والسلامને તો સૃષ્ટિના આરંભથી લઈને અંત સુધીની બધી હાલાતોથી ખબરદાર કરી દીધા. જેના પર કેટલીય આયતો અને હદીષો ગવાહ છે.

આ જ વિષય પર હઝરત મસ્ઊદે મિલ્લત પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ મુજદ્દિદી رحمۃ اللہ علیہએ પોતાનો એક ઉત્તમ લેખ રજૂ ફર્માવ્યો. ઈસ્લામી વર્તુળમાં લેખકની ઝાત પરિચયની મોહતાજ નથી. બસ, એટલું જ લખી દેવું કાફી છે કે અખંડ ભારતમાં ઈત્તેફાક સાથે આપને પોતાના જીવનમાં જ ''માહિરે રઝવિય્યાત''નો લક્બ આપવામાં આવ્યો. લખાણ તથા તેહકીક (શોધખોળ)ના મેદાનમાં આપનો અંદાજ તથા તેહકીકનો તરીકો બહુ જ અલગ અને અજોડ છે. જેથી આ લખાણ પણ તેમની સ્ટાઈલના વિષય પર એક અજોડ નમૂનો છે. જેની રચના કાંઈક એવી રીતે છે કે આખા વિષયને **પાંચ ખંડો**માં વહેંચી દેવામાં આવ્યો છે. **પ્રથમ વિભાગ**માં એ વાત સાબિત કરવામાં આવી છે કે ઈલ્મે ગૈબ એક હકીકત છે જે ઝાતી રીતે અલ્લાહ તઆલા માટે ખાસ છે. તેનો દાવો ચાર આયતોથી સાબિત કર્યો છે. **બીજા વિભાગ**માં એ વસ્તુનુ વર્ણન છે કે અલ્લાહ તઆલા પોતાના મહબૂબ બંદાઓને ઈલ્મે ગૈબ અતા ફર્માવે છે અને તેની સાબિતી બે આયતો વડે કરવામાં આવી. **ત્રીજા વિભાગ**માં જે અંબિયા અને રસૂલોને ઈલ્મે ગૈબ અતા કર્યો છે તે બયાન કરવામાં આવ્યું અને તે બાબતે દસ આયતો દલીલના તૌર પર રજૂ કરી. અને **ચોથા ભાગ**માં હુઝૂર عليه الصلوٰة والسلامના ઈલ્મે ગૈબની ચર્ચા કરી. અને તેને ફરી ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો. પહેલુ વિભાજન એ કે આપને ડાયરેકટ ઈલ્મે ગૈબ અતા થયો. જેના વિષે ત્રણ આયતો બયાન ફર્માવી. બીજી હિસ્સામાં એ છે કે

આપ ﷺને કુર્આને મજીદથી ઈલ્મેગૈબ અતા કરવામાં આવ્યો, તેને છ આયતો વડે સાબિત કર્યું. ત્રીજો પ્રકાર એ કે આપ ﷺને શાહિદ ગવાહ બનાવીને ઈલ્મે ગૈબ આપવામાં આવ્યો, કેમ કે સાક્ષી તે જ હોય છે જે બનાવના સમયે હાજર પણ હોય અને જોઈ પણ રહ્યો હોય. તેને ચાર આયતો અને પાંચ હદીષો વડે પુરવાર કર્યું. અને **પાંચમા ખંડમાં** તે હદીષોનો ઉલ્લેખ કર્યો જેનાથી દરેક વાત ચમકતા સૂરજથી વધુ રોશન થઈ જાય છે કે આપના સદકામાં આપના ગુલામોને પણ ઈલ્મે ગૈબનો હિસ્સો મળ્યો છે, જેની હદીષોની સંખ્યા લગભગ પાંચ છે. આથી રીતે આખુ લખાણ કુર્આન તથા હદીષની દલીલોથી ભરપુર છે. આમ આ ગાગરમાં સાગર સમાન નાની સરખી કિતાબ બહુ જ લાભદાયી છે. સાથો સાથ એક વિશિષ્ટતા એ પણ છે કે મોટા ભાગની આયતોનો તર્જુમો દેવબંદીઓના પેશવા મોલ્વી અશરફઅલી થાનવી★ના તર્જુમાને કુર્આનમાંથી લખવામાં આવ્યો છે જેથી કોઈ પણ બદઅકીદાને મોઢુ ખોલવાનો મોકો ન મળે. તદ્ ઉપરાંત ભાષા પણ બહુ જ

---

*★આ જ થાનવી મહાશયે હનફી ઈમામો પર જૂઠો આક્ષેપ કરીને લખ્યું છે કે : ''હનફી ઈમામોએ તેમની ફિક્હની કિતાબોમાં એવા માનવીને કાફિર લખેલ છે જેનો અકીદો એવો હોય કે નબી ગયબ જાણતા હતા.'' (તોહફાએ લાષાની, પેજ–૩૮, બહવાલા ઝલઝલા)*

*બીજા ઠેકાણે છે કે :* **''રસૂલે ખુદા ﷺને ગયબનો ઈલ્મ હતો એવું અમે માનતા નથી, અને એવુ માને છે તેમને અમે મના કરીએ છીએ.''** *(ફત્હે રબ્બાની, પેજ–૨૫ બહવાલા ઝલઝલા)*

*હવે વિચારો કે પોતે જ કુર્આની આયતોના તર્જુમામાં લખે છે કે અલ્લાહે ઈલ્મે ગયબ નબીઓને આપ્યો, જ્યારે એમનો અકીદો ઉપર મુજબનો છે. જેથી કહેવું પડશે કે :–* **ખુદા જબ દીન લેતા હૈ, તો અકલૅં છીન લેતા હૈ !** *(–પ્રકાશક)*





સરળ એક સામાન્ય માનવી પણ સમજી શકે એવી છે જેથી દરેક વ્યકિત તેનાથી નફો મેળવી શકે છે. આ વિષયનું લખાણ **બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા**માં પ્રગટ થયેલ તેને અધિક લોકો લાભ ઉઠાવી શકે એ વાતને નજરો સમક્ષ રાખી ગુજરાતી વાંચકોને તેનાથી ફયઝયાબ કરવા માટે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તરફથી કિતાબરૂપે પ્રગટ કરેલ છે. હઝરત મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી સાહબ'' કિબ્લા (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) એ ગુજરાતીમાં તેનું સરળ ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. દુઆ છે અલ્લાહ તઆલા આ કિતાબને ખાસ તથા આમ દરેકમાં મકબૂલ બનાવે અને હઝરત મસ્ઊદે મિલ્લત رحمۃ اللہ علیہના દરજાત બુલંદ ફર્માવે અને અનુવાદકના ઈલ્મમાં, અમલમાં તથા ઉંમરમાં બરકતો અતા ફર્માવે. તેમજ કિતાબની પ્રકાશક સંસ્થા **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને ગયબી મદદ ફર્માવે જે વરસોથી અહલે સુન્નતનો, મસ્લકે આ'લા હઝરતનો ડંકો વગાડી બદ્ મઝહબ ફિર્કાઓ વહાબી, દેવબંદીઓની બદ્અકીદગીઓનો પર્દા ફાશ કરી સુન્નીઓના ઈમાનની રક્ષામાં તનતોડ કોશિશ કરી રહેલ છે. આ અંજુમનના સર્વ સહાયકો, પ્રચારકોને અલ્લાહ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનમાં આબાદ રાખે.

آمین یا ارحم الراحمین بحرمة حبیبه سید المرسلین علیه
وعلی آله وصحبه افضل الصلوٰة والتسلیم واکمل التسلیمات
الف الف مرة فی کل لمحة ولحظة الی یوم الدین

લિ. **(મુફતી) મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી**
*(સદરુલ મુફતી : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*
*૨૬ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૩૧/૨ જાન્યુઆરી, ઈ.સ. ૨૦૧૧*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

ઈલ્મ તથા એજ્યુકેશન એક મહાન શક્તિ છે. આધુનિક યુગમાં ઈલ્મનું મહત્વ તથા તેની શકિત અધિક સ્પષ્ટ થઈને નઝરો સમક્ષ આવી ગઈ છે. કુર્આને કરીમે માનવીને લખવા વાંચવા તથા એજ્યુકેશન તેમજ ઈલ્મ પ્રાપ્તિ તરફ પણ ધ્યાન દોર્યું છે★ અને માનવીને એવા રહસ્યમય ભેદોથી માહિતગાર ફર્માવ્યો કે તેનું દિમાગ રોશન તથા ઉજ્જવળ બની ગયું. કુર્આને કરીમ ઈલ્મ તથા જ્ઞાનનો મહાન ખઝાનો છે, તેમાં ઈલ્મ (જ્ઞાન) તથા ઈલ્મી સંશોધનોનું આઠસો (૮૦૦)થી વધુ સ્થાનોએ વર્ણન કરવામાં આવ્યું છે, તેમજ કિતાબ તથા લખાણનું છ સો (૬૦૦)થી વધુ સ્થાનોએ વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી કુર્આને કરીમની દૃષ્ટિએ ઈલ્મ તથા એજ્યુકેશનના મહત્વનો અંદાજો લાગે છે.

હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું : "હું મોઅલ્લિમ (કાઈનાતના ટીચર તેમની શાન મુજબ) બનાવીને મોકલવામાં આવ્યો છું."

★ اَلَّذِیْ عَلَّمَ بِالْقَلَمِ ۙ عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ یَعْلَمْ ؕ "જેણે કલમ વડે લખતાં શીખવાડયું. માનવીને જે ન જાણતો હતો શીખવ્યું."
–(સૂ. અલક, આ ૪, ૫)





આપ ﷺએ ઈલ્મ પ્રાપ્તિની તાકીદ ખૂબ જ ફર્માવી★ તથા ઈલ્મની ફઝીલતને પણ બયાન ફર્માવી. હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم એ ફર્માવ્યું કે, "ફઝીલત (શ્રેષ્ઠતા) તો માત્ર ઈલ્મવાળાઓને જ પ્રાપ્ત છે." *(ઈબ્ને અબ્દુલ બર, પેજ ૪૭)*

ખૂદ કુર્આને કરીમમાં હઝરત તાલૂત علیہ السلامને ઈલ્મના જ કારણે બની ઈસ્રાઈલના બાદશાહ બનાવવામાં આવ્યા.

قَالَ اِنَّ اللّٰهَ اصْطَفٰىهُ عَلَیْكُمْ وَزَادَهٗ بَسْطَةً
فِی الْعِلْمِ وَالْجِسْمِ ؕ

"ફર્માવ્યું, તેને અલ્લાહે તમારા પર (બાદશાહી કરવા) ચૂંટી લીધો અને તેને જ્ઞાન તથા શરીરમાં છૂટછાટ વધુ આપી." *(સૂ. બકરહ, આ. ૨૪૭)*

અને ઈલ્મના જ કારણે હઝરત આદમ علیہ السلامએ ફરિશ્તાઓ ઉપર ફઝીલત પ્રાપ્ત કરી. જેથી અંદાજો લગાડી શકાય કે નબુવ્વત, રિસાલત તેમજ કયાદત (નેતૃત્વ), બાદશાહતના માટે ઈલ્મ કેટલો મહત્વનો છે ?

وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَی الْمَلٰٓئِكَةِ ۙ
فَقَالَ اَنْۢبِـُٔوْنِیْ بِاَسْمَآءِ هٰۤؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۳۱﴾

"અને અલ્લાહ તઆલાએ આદમને તમામ વસ્તુઓનાં નામ શીખવ્યાં, પછી તમામ વસ્તુઓ ફરિશ્તાઓ સમક્ષ રજૂ કરી ફર્માવ્યું, સાચા હોઉ તો આનાં નામ તો બતાવો !" *(સૂ. બકરહ, આ. ૩૧)*

★ وَ قُلْ رَّبِّ زِدْنِیْ عِلْمًا ﴿۱۱۴﴾ *"હે મારા રબ ! મને વધારે ઈલ્મ આપ."*
*–(સૂ. તાહા, ૧૧૪)*

ઈલ્મ તથા જ્ઞાન બે પ્રકારનું હોય છે. : એક તે ઈલ્મ જે આપણે મદ્રસાઓ, સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓમાં પ્રાપ્ત કરીએ છીએ. આપણે તેને જ ઈલ્મ સમજીએ છીએ અને તેના ઉપર જ ભરોસો કરીએ છીએ. પરંતુ એક અન્ય ઈલ્મ તે છે જે સીધી રીતે (ડાયરેકટ) વિના કોઈ આધારે શીખવવામાં આવે છે. તેના માટે ન કોઈ મદરસાની જરૂરત છે, ન કોઈ સ્કૂલ, કોલેજ કે યુનિવર્સિટીની જરૂરત પડે છે. આ એક ગુપ્ત ઈલ્મ છે જેને કુર્આને કરીમે ''ઈલ્મે ગૈબ''નું નામ આપ્યું છે.

فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَآ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ
عِنْدِنَا وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ﴿٦٥﴾

''તો અમારા બંદાઓમાંથી એક બંદો મળ્યો જેને અમે પોતાની પાસેથી રહમત આપી અને તેને પોતાનું 'ઈલ્મે લદુન્ની' આપ્યું.'' *(સૂ. કહફ, આ.૬૫)*

وَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ
مِنْ قَبْلِكَ ۚ وَ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿٤﴾

''અને તે જે ઈમાન લાવે હે મહબૂબ ! તેના પર જે તમારી તરફ ઉતાર્યું અને તે જે તમારાથી પહેલાં ઉતાર્યું અને આખેરત પર યકીન રાખે.*(સૂ. બક્રહ–૪)*

અને તેના ઉપર ઈમાન લાવવાને દરેક મુસલમાનની નિશાની બતાવી છે. તે ઈલ્મ તથા જ્ઞાન તે છે જેને ન તો માનવ બુધ્ધિ પામી શકે છે, અને ન તો તેના જાહેરી તથા આંતરિક અંગો પામી શકે છે. આ ઈલ્મ તમામ ઈલ્મો તથા જ્ઞાનો ઉપર ગાલિબ (પ્રભાવિ) છે તથા કોશિશ કરવાથી તેને હાંસલ કરવા સાથે તેનો કોઈ સંબંધ નથી. તે ફક્ત અલ્લાહના ફઝ્લો કરમ (કૃપા)થી





વર્ષાની જેમ વરસતો રહે છે, ઝરણાની જેમ વહેતો રહે છે.

## ★ ઈલ્મે ગયબનું વર્ણન કુર્આનમાં ★

કુર્આને કરીમે કેટલીયે આયતોમાં ''ઈલ્મ ગૈબ''નું વર્ણન કર્યું છે અને બતાવ્યું છે કે આ ઈલ્મ માત્ર અને માત્ર અલ્લાહના માટે જ સાબિત છે. જેમ કે આ આયતોમાં છે :–

وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ ''અને તેની જ પાસે છે ચાવીઓ ગૈબની, જેને તે જ (અલ્લાહ) જાણે છે.'' *(સૂ. અન્આમ, આયત, ૫૯, કન્ઝુલ ઈમાન)*

قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّیْۤ اَعْلَمُ غَيْبَ السَّمٰوٰتِ
وَالْاَرْضِ ۙ وَاَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا كُنْتُمْ تَكْتُمُوْنَ

''હું જાણું છું આસ્માનો તથા જમીનોની દરેક છુપી (ગુપ્ત) વસ્તુઓ અને હું જાણું છું જે કાંઈ તમે જાહેર કરો છો અને તમે છુપાવો છો.'' *(સૂ. બક્રહ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

فَقُلْ اِنَّمَا الْغَيْبُ لِلّٰهِ ''હે મેહબૂબ ! તમે ફર્માવી આપો કે ગૈબ તો અલ્લાહ માટે જ છે.'' *(સૂ. યૂનુસ, આ. ૨૦)*

અને હુઝૂર ﷺ ને ફર્માવ્યું કે તમે પણ એલાન કરી આપો :–

قُلْ لَّاۤ اَقُوْلُ لَكُمْ عِنْدِیْ خَزَآئِنُ اللّٰهِ وَلَاۤ اَعْلَمُ الْغَيْبَ

''તમે ફર્માવી આપો કે હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન આમ કહું કે હું પોતે (આપમેળે) ગૈબ જાણી લઉં છું.'' *(સૂ. અન્આમ–૫૦)*

وَلَاۤ اَقُوْلُ لَكُمْ عِنْدِیْ خَزَآئِنُ اللّٰهِ وَلَاۤ اَعْلَمُ الْغَيْبَ

''અને હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના

છે અને ન એ કે હું ગૈબને જાણી લઉં છું.'' *(સૂ. હૂદ–૩૧)*

## ★ અલ્લાહ પોતાના પસંદીદા રસૂલોને ઈલ્મે ગયબ આપે છે ★

ઉપરોક્ત આયતોથી જાણવા મળ્યું કે ગૈબ અલ્લાહ માટે જ છે. કોઈ પોતાની જાતે (સ્વંય) ગૈબ નથી જાણતો, તેમજ અલ્લાહની અતા વિના કોઈની પાસે અલ્લાહના ખજાના નથી. આ આયતોને ધ્યાનપૂર્વક વાંચવાથી જાણવા મળશે કે **અલ્લાહે ક્યાંય પણ એવું નથી ફર્માવ્યું કે આ ''ઈલ્મે ગૈબ'' અમે કોઈને નથી આપતા** અને આ ખજાના અમે કોઈને નથી અતા કરતા. (એવું ક્યાંય પણ નથી ફર્માવ્યું) આ જ સૌથી મહત્વનો મુદ્દો છે જેના ઉપર મુસલમાનોએ ધ્યાન આપવું જોઈએ. અલ્લાહ ત્આલા કુર્આને હકીમમાં ફર્માવે છે :–

عٰلِمُ الْغَیْبِ فَلَا یُظْهِرُ عَلٰی غَیْبِهٖۤ اَحَدًا ۟ ''ગૈબ જાણનાર તે જ છે જેથી તે કોઈને પોતાના ગૈબ ઉપર માહિતગાર નથી કરતો, હા ! માત્ર પોતાના કોઈ બરગુઝીદા (ચહીતા) પૈગમ્બરને.'' *(સૂ. જિન–૨૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

وَمَا كَانَ اللّٰهُ لِیُطْلِعَكُمْ عَلَی الْغَیْبِ وَلٰكِنَّ اللّٰهَ یَجْتَبِیْ مِنْ رُّسُلِهٖ مَنْ یَّشَآءُ

''અલ્લાહ એવા ગૈબી (ગૈબ સંબંધિત) કામો ઉપર માહિતગાર નથી ફર્માવતો, પરંતુ હા ! જેને તે ચાહે અને તે અલ્લાહના પૈગમ્બરો છે જેમને નિયુક્ત ફર્માવી લે છે.'' *(સૂ. આલિ ઈમરાન–૧૭૯, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

અને વળી એટલું જ નહીં કે માત્ર એ વાત કહેવામાં આવી તથા ''ઈલ્મે ગૈબ'' અતા કરવામાં ન આવ્યો હોય, નહીં ! નહીં !





અલ્લાહ ત્આલાએ પોતાના બરગુઝીદા (પ્રિય) પયગમ્બરોને આ ઈલ્મ અતા પણ ફર્માવ્યો જેનું કુર્આન હકીમમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે આ આયતોમાં ફર્માવવામાં આવ્યું છે :–

## ★ નબીઓને આપેલા ઈલ્મે ગયબની જાહેરાત કુર્આનમાં ★

وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَی الْمَلٰٓئِكَةِ

''અને ઈલ્મ (જ્ઞાન) આપી દીધો અલ્લાહ ત્આલાએ આદમને દરેક વસ્તુનાં નામોનો ત્યારબાદ તે વસ્તુઓ ફરિશ્તાઓ સમક્ષ કરી આપી.'' *(સૂ. બક઼રહ– ૩૧, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

હઝરત દાઊદ علیہ السلام વિશે ફર્માવ્યું : وَعَلَّمَهٗ مِمَّا یَشَآءُ ''અને જે પણ મંજૂર થયું તેમને તાલીમ ફર્માવ્યું.'' *(સૂ. બકરહ–૨૫૧)*

હઝરત સુલૈમાન علیہ السلامએ આ ઈલ્મે ગૈબનું વર્ણન આ રીતે ફર્માવ્યું :–

وَقَالَ یٰۤاَیُّهَا النَّاسُ عُلِّمْنَا مَنْطِقَ الطَّیْرِ وَاُوْتِیْنَا مِنْ كُلِّ شَیْءٍ

''હે લોકો ! અમને પંખીઓની બોલી (વાણી)ની તાલીમ કરવામાં આવી છે. અને અમને દરેક પ્રકારની વસ્તુઓ આપવામાં આવી છે.'' *(સૂ. નમ્લ–૧૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

હઝરત લૂત علیہ السلامના માટે ફર્માવ્યું :–

وَلُوْطًا اٰتَیْنٰهُ حُكْمًا وَّعِلْمًا ''અને લૂતને અમે હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો. *(સૂ. અંબિયા–૭૪, તર્જુમો : દેવબંદી મોલ્વી*

અશરફ અલી થાનવી)

હઝરત યાકૂબ علیہ السلام વિશે ફર્માવ્યું :–

وَاِنَّهٗ لَذُوْ عِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٦٨﴾

"અને તે વિના શંકાએ મોટા આલિમ હતા એ કારણે કે અમે તેમને ઈલ્મ આપ્યો હતો, પરંતુ વધુ પડતા લોકો જાણતા નથી." *(સૂ. યુસૂફ–૬૭, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

હઝરત યાકૂબ علیہ السلامએ પોતે પણ તેમના દિકરાઓ સમક્ષ આ અતાએ રબ્બાની (અલ્લાહના અણમોલ તોહફા)નો ઈઝહાર કરતાં ફર્માવ્યું :–

قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ ۚ اِنِّيْٓ اَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ

"કેમ મેં તમને કહ્યું ન હતું ? કે અલ્લાહની વાતોને જેટલી હું જાણું છું તમે નથી જાણતા." *(સૂ. યુસૂફ–૯૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

હઝરત યુસૂફ علیہ السلام વિશે ફર્માવ્યું :–

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗٓ اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ "અને જ્યારે તે પોતાની જવાનીમાં (યુવાવસ્થામાં) પહોંચ્યા અમે તેમને હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો." *(સૂ. યુસૂફ–૨૨, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

અને હઝરત મૂસા علیہ السلام વિશે ફર્માવ્યું :–

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰٓى اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ

"અને જ્યારે (તેઓ) પોતાની ભરી જવાનીમાં પહોંચ્યા તથા સીધા થઈ ગયા, અને તેમને હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો." *(સૂ. ક઼સસ–૧૪, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*





હઝરતે ખિઝર علیہ السلام વિશે ફર્માવ્યું :–

فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَآ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ
عِنْدِنَا وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ﴿٦٥﴾

"તેમણે અમારા બંદાઓમાંથી એક બંદાને પામ્યો જેમને અમે પોતાની ખાસ (વિશેષ) રહમત આપી હતી. અને અમે તેમને પોતાની પાસેથી ખાસ (વિશેષ) રીતનો ઈલ્મ શિખવાડયો હતો." *(સૂ. કહફ–૬૫, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ આયતો દ્વારા જાણવા મળ્યું કે, અલ્લાહ તઆલાએ પોતાના પ્રિય નબીઓને "ઈલ્મે ગૈબ" અતા ફર્માવ્યો. પરંતુ કેટલાયે લોકો નથી જાણતા. આ બરગુઝીદા હઝરતોએ પણ કયારેક કયારેક આ ઈલ્મનો ઈઝહાર (જાહેર) કર્યો છે. જેમ કે કુર્આને કરીમમાં હઝરત ઈસા علیہ السلام પોતાના (અનુયાયીઓ)ને આ ઈર્શાદ ફર્માવે છે :–

## ★ નબીઓ થકી ઈલ્મે ગયબ મળ્યાની જાહેરાત કુર્આનમાં ★

وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ ۙ فِيْ بُيُوْتِكُمْ ؕ

(૧૦) "અને હું તમને બતાવી આપું છું, જે કાંઈ પણ (તમારા) ઘરોમાં (તમે) ખાવ છે અને જે (કાંઈક) રાખી મૂકો છો." *(સૂ. આલિ ઈમરાન–૪૯)*

એટલે કે જે જેણે જે કાંઈ પણ પોતાના ઘરની ચાર દીવારીમાં ખાધુ અને જે કાંઈ પણ બચાવી રાખ્યું સર્વ આપની નજરો સમક્ષ હતું.

હઝરત યૂસુફ علیہ السلام કેદખાનામાં (જેલમાં) કેદીઓને સ્વપ્નની તાબીર બતાવતા પહેલાં ફર્માવે છે :–

قَالَ لَا يَاْتِيْكُمَا طَعَامٌ تُرْزَقٰنِهٖٓ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِيْلِهٖ
قَبْلَ اَنْ يَّاْتِيَكُمَا ؕ ذٰلِكُمَا مِمَّا عَلَّمَنِىْ رَبِّىْ ؕ

"જે ખાવા (ભોજન) તમારી પાસે આવે છે જે તમને ખાવા માટે મળે છે, હું તેના આવતા પહેલાં તેની હકીકત બતાવી આપું છું. આ બતાવી દેવું તે ઈલ્મની બદૌલત (કારણે) છે જેની મને મારા પરવરદિગારે તાલીમ ફર્માવી છે." *(સૂ. યુસૂફ–૩૭, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ આયતોથી માલૂમ થયું કે **અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા (પ્રિય) રસૂલોને ઈલ્મે ગૈબ અતા ફર્માવ્યો છે. આ વિશેષ અતા (ઈનામ)નો અસ્વીકાર કુર્આનનો અસ્વીકાર છે. આ ઈલ્મ કોઈ મામૂલી ઈલ્મ નથી,** ઘણી વ્યવસ્થા તથા તૈયારીની સાથે અતા કરવામાં આવે છે અને તેના આગળ પાછળ ફરિશ્તાઓનો પેહરો (સુરક્ષા) લગાડી દેવામાં આવે છે. જેમ કે ઈર્શાદ છે :–

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ﴿٢٦﴾ اِلَّا مَنِ ارْتَضٰى
مِنْ رَّسُوْلٍ فَاِنَّهٗ يَسْلُكُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَ مِنْ خَلْفِهٖ رَصَدًا ﴿٢٧﴾

"અને તે પોતાના ગૈબ ઉપર કોઈને આગાહ નથી કરતો, હા ! પરંતુ પોતાના કોઈ બરગુઝીદા પૈગમ્બરને, તો તે (પૈગમ્બર)ના આગળ તથા પાછળ મુહાફિઝ (સુરક્ષા કરનાર ફરિશ્તાઓ)ને મોકલી આપે છે." *(સૂ. જિન : ૨૬, ૨૭, તર્જુમો : દેવબંદી અશરફ અલી થાનવી)*

બેશક ! જેને આ ઈલ્મ અતા કરવામાં આવ્યો તેને ઘણુ બધું અતા કરવામાં આવ્યું, તમામ અંબિયાએ કિરામને એક સમાન તથા સરખો ઈલ્મે ગૈબ પ્રાપ્ત નથી, બલ્કે અંબિયા તથા રસૂલોમાં





તેમના દરજ્જા મુજબ.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ

"આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠ કર્યા." *(સૂ. બકરહ–૨૫૩)*

આ પ્રમાણે ઈલ્મે ગૈબ પણ દરજ્જા તથા મર્તબા મુજબ આપવામાં આવ્યો છે. કુર્આને હકીમ દ્વારા જેનું સમર્થન થાય છે. હઝરત મૂસા عليه السلام ની હઝરત ખિઝર عليه السلام સાથે મુલાકાત થઈ. હઝરત મૂસા عليه السلام એ તે "ઈલ્મે ગૈબ" શીખવાની દરખાસ્ત કરી કે જે અલ્લાહે તેમને (હઝરત ખિઝરને) અતા ફર્માવ્યો હતો. હઝરત ખિઝર عليه السلام એ દરખાસ્ત મંજૂર કરી પરંતુ હિદાયત કરી કે :–

قَالَ فَاِنِ اتَّبَعْتَنِىْ فَلَا تَسْـَٔلْنِىْ عَنْ شَىْءٍ حَتّٰٓى
اُحْدِثَ لَكَ مِنْهُ ذِكْرًا ﴿٧٠﴾

"કહ્યું, તો જો તમે મારી સાથે રહો છો તો મને કોઈ બાબત વિશે પૂછશો નહીં, જ્યાં સુધી હું પોતે તેની વાત કરું નહીં." *(સૂ. કહફ–૭૦)*

હઝરત ખિઝર عليه السلام જે કાંઈ પણ કરતા ગયા હઝરત મૂસા عليه السلام ન સમજી શકયા, અંતમાં તેમનાથી રહેવાયું નહીં તો પૂછી લીધું, હઝરત ખિઝર عليه السلام એ ભેદ તથા રાઝથી પડદો ઉઠાવી આપ્યો પરંતુ ત્યાર પછી હઝરત મૂસા عليه السلام ને પોતાની સાથે ન રાખ્યા. આ સંપૂર્ણ તફસીલ કુર્આને હકીમમાં મૌજૂદ છે.

فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَآ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ
عِنْدِنَا وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ﴿٦٥﴾ قَالَ لَهٗ
مُوْسٰى هَلْ اَتَّبِعُكَ عَلٰٓى اَنْ تُعَلِّمَنِ مِمَّا

عُلِّمْتَ رُشْدًا ﴿٦٦﴾ قَالَ اِنَّكَ لَنْ تَسْتَطِيْعَ مَعِيَ صَبْرًا ﴿٦٧﴾ وَكَيْفَ تَصْبِرُ عَلٰى مَا لَمْ تُحِطْ بِهٖ خُبْرًا ﴿٦٨﴾ قَالَ سَتَجِدُنِيْٓ اِنْ شَآءَ اللّٰهُ صَابِرًا وَّلَآ اَعْصِيْ لَكَ اَمْرًا ﴿٦٩﴾ قَالَ فَاِنِ اتَّبَعْتَنِيْ فَلَا تَسْـَٔلْنِيْ عَنْ شَيْءٍ حَتّٰٓى اُحْدِثَ لَكَ مِنْهُ ذِكْرًا ﴿٧٠﴾

''જેથી તેમણે અમારા બંદાઓમાંથી એકને પામ્યો જેને અમે અમારી ખાસ રહમત આપી હતી અને અમે તેમને અમારી પાસેથી એક ખાસ પ્રકારનો ઈલ્મ શીખવાડયો હતો. મૂસાએ તેમને ફર્માવ્યું, શું હું તમારી સાથે રહી શકુ છું એ શર્ત પર કે જે લાભકારક ઈલ્મ તમને શીખવાડવામાં આવ્યો છે એમાંથી આપ મને પણ શીખવાડી દો ? એ બુઝુર્ગે જવાબ આપ્યો, તમારાથી મારી સાથે સબ્ર ન થઈ શકશે, અને એવી બાબતો પર આપ કેવી રીતે સબ્ર કરશો જે આપની જાણકારીની હદની બહાર છે ?! મૂસાએ ફર્માવ્યું કે ઈન્શાઅલ્લાહ ! તમો મને સાબિર પામશો અને હું કોઈ વાતમાં આપની વિરુદ્ધ હુકમ કરીશ નહીં. એ બુઝુર્ગે ફર્માવ્યું કે તો જો તમે મારી સાથે રહેવા ચાહો છો તો મને કોઈ વાતના વિશે કાંઈ પૂછશો નહીં જ્યાં સુધી કે એના સંબંધે હું પોતે જ શરૂમાં ઉલ્લેખ ન કરી દઉં.

*—(સૂ. કહફ–૬૫ થી ૭૨, તર્જુમા : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ કિસ્સાથી સમજી શકાય છે કે તમામ અંબિયાને એક સરખો ઈલ્મે ગૈબ નથી આપવામાં આવ્યો.





## ★ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ એ તેમનો સૌથી મહાન મો'જિઝો ★

ઈલ્મે ગૈબ હુઝૂરે અન્વર ﷺને પણ કરવામાં આવ્યો. આ ''ઈલ્મે ગૈબ'' જ આપ ﷺનો સૌથી મોટો મોજિઝો છે. અલગ અલગ નબીઓને અલગ અલગ મોજિઝાઓ આપવામાં આવ્યા. પરંતુ હુઝૂર ﷺને એ (ઈલ્મે ગૈબનો) મોજિઝો અતા ફર્માવ્યો કે લગભગ એક લાખ ચોવીસ હજાર નબીઓને જે ઈલ્મે ગૈબ આપવામાં આવ્યો તે તમામ આપ ﷺને આપવામાં આવ્યો, અને તેના સિવાય જે કાંઈ પણ આપ્યું તે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું. હુઝૂરે અનવર ﷺ તમામ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની સર્વ ખૂબીઓનો સંગ્રહ હતા. તથા તેમના ઈલ્મો તથા મઅરેફતોનો પણ સંગ્રહ હતા. હુઝૂરે અકરમ ﷺને જે કાંઈ પણ આપવામાં આવ્યું તેના સંબંધે ઈર્શાદ છે :–

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ۭ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿١١٣﴾

''અને તમને શિખવાડી આપ્યું જે કાંઈક પણ તમે ન જાણતા હતા, અને અલ્લાહનો તમારી ઉપર મોટો ફઝ્લ છે.'' *(સૂ. નિસાઅ–૧૧૩)*

આ આયત દ્વારા જાણવા મળ્યું કે હવે કોઈ એવી વસ્તુ નથી રહી જે આપ ન જાણતા હોય. એટલા માટે જ આ નેઅમતને અલ્લાહ તઆલાએ ''ફઝ્લે અઝીમ'' કહી છે. હુઝૂરે અકરમ ﷺને જે કાંઈ પઢાવવામાં આવ્યું તે અલ્લાહે પઢાવ્યું છે. سَنُقْرِئُكَ فَلَا تَنْسٰٓى ﴿٦﴾ ''હવે અમે તમને પઢાવીશું કે (જેથી) તમે ભૂલશો નહીં.'' *(સૂ. આઅ્લા–૬)*

જો ઉસ્તાદ શાગિર્દને આ વાત કહે કે ''મેં તને પઢાવ્યું છે તું તો

કાંઈ પણ જાણતો ન હતો'' તો આ હક્ક છે, ગુસ્તાખી તથા બેઅદબી નથી. પરંતુ કોઈ શાગિર્દ અથવા શિષ્ય પોતાના ઉસ્તાદ તથા ગુરૂને કહે કે તમે તો કશું જ જાણતા ન હતા, તમારા ઉસ્તાદે તમને શિખવાડયું છે ! તો આ સરાસર બે અદબી તથા ગુસ્તાખી છે. માનવ ઈતિહાસમાં આવો બેઅદબ શાગિર્દ તથા શિષ્ય જોવા નથી મળતો. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને પઢાવ્યું, જે કાંઈ અતા ફર્માવ્યું છે અલ્લાહ તઆલાએ અતા ફર્માવ્યું છે, તો પછી તેણે કુર્આન હકીમમાં અતા કરતા પહેલાંની સ્થિતિને આ રીતે બયાન કરી કે : مَا كُنْتَ تَدْرِيْ مَا الْكِتٰبُ وَلَا الْاِيْمَانُ''આથી પહેલાં તમે ન તો કિતાબ જાણતા હતા, ન તો શરઈ એહકામની તફસીલ.'' *(સૂ. શુરા આયત–૫૨)*

તો આ પ્રમાણે કહેવું અલ્લાહની શાનના લાયક છે. આપણા માટે જાઈઝ નથી કે બેઅદબ ગુસ્તાખ શાગિર્દની જેમ આપ ﷺની બારગાહમાં તે વાત કહીએ જે અલ્લાહ તઆલાએ, આપ ﷺ ની સાથે ફર્માવી. **બેશક ! અલ્લાહે તો આપ ﷺને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો. જે વ્યકિત આ ફઝ્લે ઈલાહીનો ઈન્કાર કરે છે, અથવા તેને હલકુ સાબિત કરે છે, તે અલ્લાહના ફઝ્લ (ઈનામ)નો ઈન્કાર કરે છે અને અલ્લાહના ફઝ્લને હલકો સાબિત કરે છે. અને જે આમ કરે તેને કોણ મુસલમાન કહી શકે છે ?** તૌહીદના દાવેદારની શાન તો એ છે કે તે અલ્લાહના દરેક હુકમનું કાળજીપૂર્વક સન્માન કરે છે. તેના ઉપર પોતે પણ અમલ કરે છે અને બીજાઓને અમલની તાકીદ કરે છે. હુઝૂરે અનવર ﷺનો દરબાર તો એક મહાન દરબાર છે તેમના સમક્ષ ઊંચા અવાજે બોલવાથી જિંદગીભરના અમલો પણ બેકાર તથા નકામા થઈ જાય છે. જેમ આપ ﷺની મુબારક





મહેફિલમાંથી વિના ઈજાઝતે ઉઠી જનારને ભયાનક અઝાબની ધમકી (વઈદ) સંભળાવવામાં આવે છે. તમે પણ સાંભળો ! ઈર્શાદ થાય છે :–

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ
بَعْضًا ۗ قَدْ يَعْلَمُ اللّٰهُ الَّذِيْنَ يَتَسَلَّلُوْنَ مِنْكُمْ
لِوَاذًا ۚ فَلْيَحْذَرِ الَّذِيْنَ يُخَالِفُوْنَ عَنْ اَمْرِهٖٓ اَنْ
تُصِيْبَهُمْ فِتْنَةٌ اَوْ يُصِيْبَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٦٣﴾

''તમે લોકો રસૂલને બોલાવવાને એમ ન સમજો જેમ કે તમે એકબીજાને બોલાવી લો છો ! અલ્લાહ તઆલા તે લોકોને જાણે છે જેઓ આડ લઈને તમારામાંથી ખસ્કી (સરકી) જાય છે. અને જે લોકો અલ્લાહના હુકમનો વિરોધ કરે છે તેમણે તે વાતથી ડરવું જોઈએ કે તેમના ઉપર કોઈ આફત આવી પડે અથવા તેમના ઉપર કોઈ દર્દનાક અઝાબ નાઝિલ થઈ જાય.'' *(સૂ. નૂર–૬૩, તર્જુમો : દેવબંદી અશરફ અલી થાનવી)*

તમે જાતે અંદાજો લગાડો કે જે મુબારક મેહફિલનો આ અદબ હોય તો તેમાં રોનક અફરોઝ (બિરાજમાન) સરકારે દો આલમનો શું અદબ હશે ?! સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَઆ પવિત્ર મેહફિલમાં માથુ ઝુકાવી દમ બખૂદ રહેતા હતા, વાત વાત પર કહેતા ''યા રસૂલ્લાહ ! ﷺ મારા માં–બાપ આપ પર કુરબાન !'' દરેક સવાલનો એક જ જવાબ આપતા ''અલ્લાહ તથા તેના રસૂલ સૌથી વધારે જાણે છે.''

બેશક ! હુઝૂરે ﷺને તેમના પરવરદિગારે ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો, આ હકીકત તથા વાસ્તવિકતાને ત્રણ તરીકાઓ (દિશાઓ)થી સમજી શકાય છે :–

૧. "આપ ﷺને સીધી રીતે (ડાયરેકટ, વિના કોઈ આધારે) ઈલ્મે ગૈબ આપવામાં આવ્યો."

૨. "આપ ﷺને કુર્આન આપવામાં આવ્યું જે 'ઈલ્મે ગૈબ'નો ખજાનો છે."

૩. "આપ ﷺને શાહિદ (ગવાહ) બનાવી મોકલવામાં આવ્યા અને શાહિદ તે જ હોય જે વાકિઆ તથા ઘટનાના સમયે ત્યાં ઉપસ્થિત પણ હોય અને જોઈ પણ રહ્યો હોય, એટલે કે તેને દરેક વાતનું ઐનુલ્ યકીન તથા હક્કુલ યકીન પ્રાપ્ત હોય છે."

હુઝૂરે અકરમ ﷺના ઈલ્મે ગૈબને પહેલી દિશાથી જોવામાં આવે તો આયતો આપના ઈલ્મે ગૈબની તસ્દીક (સમર્થન) તથા સચ્ચાઈ બયાન કરે છે :–

تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَیْبِ نُوْحِیْهَاۤ اِلَیْكَ "આ વાતો દરેક ગૈબની ખબરોમાંથી છે કે અમે મોકલીએ છીએ તારી તરફ." *(સૂ. હૂદ–૪૯, તર્જુમો : મોલ્વી મેહમૂદુલ હસન દેવબંદી)*

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَیْبِ نُوْحِیْهِ اِلَیْكَ "આ ખબરો છે ગૈબની જે અમે મોકલીએ છીએ તારી પાસે." *(સૂ. યૂસુફ–૧૦૨, તર્જુમો : મોલ્વી મેહમૂદ હસન દેવબંદી)*

وَمَا هُوَ عَلَى الْغَیْبِ بِضَنِیْنٍ ﴿۲۴﴾ "અને આ (આપ ﷺ) ગૈબની વાતો બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર–૨૪)*

હુઝૂરે અકરમ ﷺના ઈલ્મે ગૈબને બીજી દિશાથી જોવામાં આવે તો આ આયતો આપણી આંખો ખોલવા માટે કાફી છે :–

وَنَزَّلْنَا عَلَیْكَ الْكِتٰبَ تِبْیَانًا لِّكُلِّ شَیْءٍ "અમે તમારા ઉપર કુર્આન ઉતાર્યું છે જે તમામ વાતોને બયાન કરનાર (સ્પષ્ટ





રીતે રજૂ કરનાર) છે." *(સૂ. નહલ–૮૯, તર્જુમો : અશરફ અલી થાનવી)*

مَا كَانَ حَدِیْثًا یُّفْتَرٰى وَ لٰكِنْ تَصْدِیْقَ الَّذِیْ
بَیْنَ یَدَیْهِ وَ تَفْصِیْلَ كُلِّ شَیْءٍ

"આ (કુર્આન) કાંઈ બનાવેલ (મનઘડત) વાત નથી પરંતુ મુવાફિક (સમર્થક) છે તેનું જે તેનાથી પેહલાં છે અને દરેક વસ્તુનું બયાન." *(સૂ. યૂસુફ–૧૧૧, તર્જુમો : મેહમૂદ હસન દેવબંદી)*

مَا فَرَّطْنَا فِی الْكِتٰبِ مِنْ شَیْءٍ "અમે આ કિતાબમાં કશુ ન બાકી ન રાખ્યું." *(સૂ. અન્આમ–૩૮, કન્ઝુલ ઈમાન)*

قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِیْنٌ ﴿۱۵﴾

"બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી એક નૂર આવ્યું તથા રોશન કિતાબ." *(સૂ. માઈદા–૧૫, કન્ઝુલ ઈમાન)*

وَمَا مِنْ غَآىِٕبَةٍ فِی السَّمَآءِ وَ الْاَرْضِ اِلَّا فِیْ كِتٰبٍ مُّبِیْنٍ ﴿۷۵﴾

"અને કોઈ વસ્તુ (એવી) નથી જે આસ્માન તથા જમીનમાં ગાયબ (અદ્રશ્ય) હોય પરંતુ મૌજૂદ (ઉપસ્થિત) છે ઉઘાડી કિતાબમાં." *(સૂ.નમ્લ–૭૫, તર્જુમો : મહેમુદ હસન દેવબંદી)*

وَ لَا حَبَّةٍ فِیْ ظُلُمٰتِ الْاَرْضِ وَ لَا رَطْبٍ وَّ لَا یَابِسٍ
اِلَّا فِیْ كِتٰبٍ مُّبِیْنٍ ﴿۵۹﴾

"અને કોઈ દાણો જમીનના અંધકારોમાં અને ન કોઈ હરીભરી વસ્તુ તથા ન કોઈ સૂકી વસ્તુ, પરંતુ તે કિતાબે મુબીનમાં છે." *(સૂ. અન્આમ–૫૯, તર્જુમો : મહેમૂદ હસન દેવબંદી)*

તમે જોયું ! આ આયતોમાં સૌ પ્રથમ કિતાબે મુબીન (ઉઘાડી કિતાબ) કુર્આને હકીમનું વર્ણન ફર્માવ્યું. ત્યારબાદ એ રજૂ કર્યું કે

આ રોશન કિતાબમાં શું શું છે. વિચાર કરો ! આ રોશન કિતાબ જેમાં જમીન તથા આસ્માનની દરેક વસ્તુનું વર્ણન છે. તો જેના ઉપર એને ઉતારવામાં આવી તેના ઈલ્મ તથા જ્ઞાનનો શું આલમ હશે ?

## ★ હુઝૂર ﷺ સર્વ કાંઈ જોઈ રહ્યા છે ! ★

સરકાર ﷺના ઈલ્મે ગૈબને ત્રીજી દિશાથી જોવામાં આવે તો આ આયતો આપણને એક નવી દુનિયામાં લઈ જશે, જ્યાં આપણે આશ્ચર્યથી એકબીજાનું મોઢું જોઈએ છીએ ! પરંતુ જે કાંઈપણ કહેવામાં આવ્યું, તેના ઉપર દિલોજાનથી ઈમાન લાવીએ છીએ. જો ઈમાન ન લાવીએ તો કયાંયના નહીં રહીએ ! આ આયતોને ખૂબ ધ્યાનપૂર્વક વાંચો અને ઈલ્મે મુસ્તફા ﷺની વિશાળતા તથા ગેહરાઈઓનું અનુમાન લગાડો. અલ્લાહુ અકબર ! આપણે શું અંદાજો લગાડી શકીએ છીએ ! તેમનો પરવરદિગાર જ જાણે કે તેણે પોતાના હબીબે કરીમ ﷺને કેટલો ઈલ્મે ગૈબ અતા કર્યો ?! ઈર્શાદ થાય છે :–

إِنَّآ أَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيرًا ﴿٨﴾

''અમે આપને ગવાહી આપનાર તથા ખુશખબરી સંભળાવનાર તેમજ ડરાવનાર બનાવીને મોકલ્યા.'' *(સૂ. ફતહ્–૮, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

وَّجِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيدًا ﴿٤١﴾

''અને આપને તે લોકો ઉપર ગવાહી દેવા માટે હાજર કરીશું.'' *(સૂ. નિસાઅ–૪૧, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

إِنَّآ أَرْسَلْنَآ إِلَيْكُمْ رَسُولًا ۙ شَاهِدًا عَلَيْكُمْ

''બેશક ! અમે તમારી પાસે એક રસૂલ મોકલ્યા છે જે તમારી





ઉપર ગવાહી આપશે.'' *(સૂ. મુઝમ્મિલ, ૧૫, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફઅલી થાનવી)*

وَيَوْمَ نَبْعَثُ فِي كُلِّ أُمَّةٍ شَهِيدًا عَلَيْهِمْ مِّنْ أَنْفُسِهِمْ
وَجِئْنَا بِكَ شَهِيدًا عَلٰى هٰٓؤُلَآءِ ؕ

''અને જે દિવસે અમે દરેક ઉમ્મતમાંથી એક એક ગવાહ જે તેમનામાંથી હશે તેમના સામે કાયમ કરીશું. અને એ લોકોની સામે આપને ગવાહ બનાવીને લાવીશું.'' *(સૂ. નહલ–૮૯, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

ઉપરોક્ત આયતો દ્વારા જાણવા મળ્યું કે કયામતના દિવસે હઝૂરે અકરમ ﷺ ફકત આપની ઉમ્મતના જ નહીં બલ્કે બીજા નબીઓની ઉમ્મતના અમલોની પણ ગવાહી આપશે, અને ગવાહી તે જ આપી શકે છે જેના સામે (રૂબરૂ) કોઈ કામ અથવા કોઈ વાત થઈ ચૂકી હોય. જેથી જાણવા મળ્યું કે હુઝૂરે અકરમ ﷺ જે કાંઈ પણ થઈ રહ્યું છે બધુ જ મુલાહેઝા (જોઈ) ફર્માવી રહ્યા છે, આપ ﷺ આપણી હાલતો, પરિસ્થિતિઓ તથા અમલોથી બેખબર નથી.

**ફરયાદ ઉમ્મતી જો કરે હાલે ઝાર મેં**
**મુમ્કિન નહીં કે ખૈરે બશર કો ખબર ન હો**

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

આ દ્રષ્ટાંતમાં અમુક હદીષો પણ જોઈ લો !

**(૧)** હદીષે પાકમાં ફર્માવ્યું : જે રીતે હું આગળ જોઉં છું એ જ પ્રમાણે હું પાછળ પણ જોઉં છું. *(મુસ્લિમ શરીફ, ૧૧૬/૨)*

**(૨)** બીજી હદીષમાં છે કે ''મદીના મુનવ્વરહથી મક્કા મોઅઝઝમા તરફથી જતાં (રસ્તામાં) વાદીએ અઝરકમાં હઝરત

મૂસા عليه السلامને ઊંચા અવાજથી તલબિયા (લબ્બૈક) પઢતા જોયા, ત્યારબાદ વાદીએ હરશામાં હઝરત યુનૂસ عليه السلامને ઊની જભ્ભો પહેરીને ઊંટ ઉપર સવાર (હાલતમાં) જોયા. *(ઈબ્ને માજા, ૨૦, ૨૦૭)*

**(૩)** ત્રીજી હદીષથી માલૂમ થાય છે કે આપ ﷺ જન્નત તથા દોઝખને મુલાહેજા ફર્માવી (જોઈ) રહ્યા હતા. *(મુસ્લિમ શરીફ, ૧૮૦-૨)*

**(૪)** ચોથી હદીષેપાકથી જાણવા મળ્યું કે આપ જન્નત તથા દોઝખમાં જનારા દરેક વ્યકિતને તેના નામ સાથે જાણે છે. *(મિશ્કાત-૧૯)*

**(૫)** પાંચમી હદીષથી જાણવા મળે છે કે જયારે એક વ્યક્તિએ આપ ﷺ ની મેહફિલે પાકમાં પૂછયું કે શું તે (વ્યક્તિ) જન્નતમાં જશે કે દોઝખમાં ? આપ ﷺએ તુરંત ફર્માવ્યું, તું દોઝખમાં જઈશ ! *(બુખારી શરીફ-૮૫૫)*

**(૬)** છઠ્ઠી હદીષમાં ફર્માવ્યું : મારી સંપૂર્ણ ઉમ્મત પોતાના તમામ અમલો નેક તથા બુરાની સાથે મારી સમક્ષ રજૂ કરવામાં આવી. *(મુસ્લિમ શરીફ, ૨૦૭-૧, અંબાઉલ મુસ્તફા-૯, મુસ્નદે અહમદના હવાલાથી)*

**(૭)** સાતમી હદીષમાં ફર્માવ્યું : રાતના સમયે મારી સંપૂર્ણ ઉમ્મત મારા આ કમરા (ઓરડા)ની પાસે મારી સમક્ષ રજૂ કરવામાં આવી, ત્યાં સુધી કે બેશક ! તેની દરેક વ્યક્તિને તેનાથી વધુ (સહી રીતે) ઓળખું છું જેમ કે તમારામાંથી કોઈ પોતાના સાથીને ઓળખે છે. *(અંબાઉલ્ મુસ્તફા-૯, તિબ્રાનીના હવાલાથી)*

કુર્આને કરીમમાં એક જગ્યાએ ઈર્શાદ છે :–





اَعِنْدَهٗ عِلْمُ الْغَيْبِ فَهُوَ يَرٰى ﴿٣٥﴾ ‘‘શું તે વ્યકિત પાસે ઈલ્મે ગૈબ છે કે તેને જોઈ રહ્યો છે ?’’ *(સૂ. નજમ : ૩૫)*

જેથી સમજી શકાય છે કે ઈલ્મે ગૈબ તેની જ પાસે હોય છે જે જોઈ પણ રહ્યો હોય. કુર્આને કરીમમાં કેટલીયે જગ્યાએ હુઝૂરની શાને દીદ (જોઈ શકવાની શકિત)ને બયાન કરવામાં આવી છે.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ

''હે સાંભળનાર ! શું તેં જોયું કે અલ્લાહ જે કાંઈ આકાશોમાં છે અને જે કાંઈ પૃથ્વીમાં તે બધુ જાણે છે.'' *(સૂ. મુજાદિલા-૭)*

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ط

''શું તેં જોયું નહીં કે અલ્લાહે આસ્માન અને જમીન સત્યની સાથે બનાવ્યાં.'' *(સૂ. ઈબ્રાહીમ-૧૯)*

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ وَهُمْ اُلُوْفٌ
حَذَرَ الْمَوْتِ ص

''અય મહબૂબ ! શું તમે ન જોયા હતા તેઓને જે પોતાના ઘરોમાંથી નીકળ્યા અને તે હજારોની સંખ્યામાં હતા મૌતની બીકે.'' *(સૂ. બક્રહ-૨૪૩)*

اَلَمْ تَرَ اِلَى الَّذِىْ حَآجَّ اِبْرٰهٖمَ فِىْ رَبِّهٖٓ اَنْ اٰتٰهُ اللّٰهُ الْمُلْكَ م

''હે મહબૂબ ! શું તમે ન જોયો હતો તેને જે ઈબ્રાહીમ સાથે એના રબ વિશે ઝઘડયો, એ (ઘમંડ) પર કે અલ્લાહે તેને બાદશાહી આપી.'' *(સૂ. બક્રહ-૨૫૮)*

એક સત્ય હકીકત છે કે જેણે અલ્લાહની પવિત્ર ઝાતને નિહારી લીધી હોય, તેની આગળ કોઈ ચીજ છુપી ન રહી, સૌ જાહેર થઈ ગઈ. હુઝૂરે અન્વર ﷺ ખૂદ ફર્માવે છે કે, ‘‘મેં મારા

પરવરદિગારને જોયો તેણે પોતાના દસ્તે કુદરત મારી પીઠ પર રાખ્યો. મારા સીનામાં તેની ઠંડક મેહસૂસ થઈ, તે જ સમયે દરેક વસ્તુ મારી ઉપર રોશન થઈ ગઈ અને મેં બધુ જ જાણી લીધું.'' *(તિર્મિઝી હઝરત મુઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ની રિવાયતથી, મિશ્કાત–૭૨)*

અહિંયા સુધી તો સરકાર ﷺ ની ઈલ્મ સંબંધી વિશાળતા તથા આપ ﷺ ની દષ્ટિ, નજર તથા જોવા સંબંધે વાતો રજૂ કરવામાં આવી, પરંતુ જે ઈલ્મે ગૈબ આપ ﷺ ને અતા કરવામાં આવ્યો અને જે કાંઈ પણ આપને દેખાડવામાં આવ્યું, શું આ અણમોલ નેઅમતની ખૈરાત પોતાના ગુલામોને પણ આપ ﷺ એ વહેંચી છે ?!

કેટલીયે હદીષો દ્વારા સાબિત થાય છે કે આપ ﷺ એ અતા ફર્માવ્યું અને ખૂબ અતા ફર્માવ્યું, અને કેમ અતા ન ફર્માવતા ! જયારે કે અલ્લાહ ત્આલાએ આપ ﷺ ને અતા કરવા તથા વહેંચવા માટે જ તો મોકલ્યા છે. મશ્હૂર તથા મેહબૂબ સહાબી હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ ફર્માવે છે :–

**(૧)** રસૂલુલ્લાહ ﷺ એ અમને એ સ્થિતિમાં છોડયા એટલે કે (અમારી એવી હાલત બનાવી આપી) કે હવામાં પાંખો મારનાર (પાંખો હલાવનાર) કોઈ પંખી એવું નથી જેનું ઈલ્મ (જ્ઞાન) હુઝૂર ﷺ એ અમારી સામે બયાન ન ફર્માવી આપ્યું હોય. (એટલે કે અમને જણાવ્યું ન હોય) *(અંબાઉલ્ મુસ્તફા–૮, મુસ્નદે અહમદ તથા તબક઼ાતે ઈલ્મે સઅ્દના હવાલાથી)*

**(૨)** રસૂલુલ્લાહ ﷺ એ એકવાર અમારા દરમિયાન ઉભા થઈને ત્યારથી લઈને ક઼યામત સુધી જે કાંઈ પણ થવાનુ હતું (ઘટના થવાની હતી) સર્વ બયાન ફર્માવી આપ્યું તથા કોઈ વસ્તુને બાકી ન રાખી, જેને યાદ રહ્યું તેને યાદ રહ્યું, જે ભૂલી ગયો તે ભૂલી





ગયો. *(અંબાઉલ મુસ્તફા–૭, બુખારી, મુસ્લિમ, મુસ્નદે અહમદના હવાલાથી)*

એક હદીષમાં છે :–

**(૩)** ન છોડયા અલ્લાહના રસૂલ ﷺ એ દુનિયાના અંત સુધી કોઈ ફિત્ના કરનારને (ફસાદ ફેલાવનારને) પરંતુ અમને તેનું (ફિત્નો કરનારનું) નામ, તેના બાપનું નામ તથા તેના કબીલાનું નામ પણ બતાવી આપ્યું. *(મિશ્કાત, બાબુલ ફિતન)*

**(૪)** ૧૭, રમઝાનુલ મુબારક હિ.સ. ૨/ઈ.સ. ૬૨૪માં ગઝવએ બદર (નો વાકયો) પેશ આવ્યો. જંગ શરૂ થતાં પહેલાં જ મેદાને જંગમાં પોતાના પવિત્ર હાથ વડે ક઼તલ થનારા ઈસ્લામના દુશ્મનોની નિશાની બયાન ફર્માવી કે ફલાણો, ફલાણો દુશ્મન આ જગ્યાએ ક઼ત્લ કરવામાં આવશે. જયારે જંગ પૂરી થઈ તો જે દુશ્મન માટે (કત્લ થવાની) પોતાના દસ્તે મુબારક વડે જે જગ્યાની નિશાની બતાવી હતી તે વ્યકિત ત્યાં જ પડેલો મળ્યો, એક ઈંચ પાછળ પણ નહીં અને આગળ પણ નહીં. *(મુસ્લિમ શરીફ, ભા.–૨, કિતાબુલ જિહાદ)*

બુખારી શરીફમાં એક વિસ્તૃત (લાંબી) હદીષ આવી છે. જે આપણી આંખો ખોલવા માટે કાફી છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે :–

**(૫)** સૂરજ ઢળ્યા પછી (ઝવાલ પછી) નબીએ કરીમ ﷺ બહાર તશરીફ લાવ્યા અને અમને ઝોહરની નમાઝ પઢાવી, જયારે સલામ ફેરવી તો આપ મિમ્બર ઉપર જલ્વા અફરોઝ થયા અને ક઼યામતનું વર્ણન ફર્માવ્યું તેમજ તે મોટી મોટી ઘટનાઓનું વર્ણન ફર્માવ્યું જે તેનાથી (કયામતથી) પહેલાં થવાની છે. ત્યારબાદ ફર્માવ્યું, જો કોઈ મારાથી કોઈ વસ્તુ વિશે પૂછવા માંગતો હોય તો

પૂછી લે, કેમ કે ખુદાની ક઼સમ ! તમે મારાથી કોઈ (એવી) વસ્તુના વિશે નહીં પૂછશો પરંતુ હું તમને તેના વિશે બતાવી આપીશ ! જયાં સુધી કે હું આ જગ્યાએ (બેઠો) છું. હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે લોકો ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને રસૂલુલ્લાહ ﷺ વારંવાર ફર્માવતા રહ્યા કે મારાથી પૂછી લો ! મારાથી પૂછી લો ! (જે કાંઈક પૂછવું હોય તે) *(બુખારી શરીફ ભા.–૩, પેજ–૮૫૫)*

આ હદીષે પાક ઉપર આ આયતે કરીમા ગવાહ છે :

وَمَا هُوَعَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ۝ ''અને તેઓ ગૈબની વાતો બતાવવામાં બખીલ નથી.'' *(સૂ. તકવીર–૨૪)*

એટલે કે જે કાંઈ પણ પૂછશો તે બતાવવામાં આવશે, જે કાંઈ પણ માંગશો તે આપવામાં આવશે. હુઝૂર ﷺનું ક઼સમ ખાઈને આ રીતે ફર્માવવું, જે પૂછશો તે બતાવવામાં આવશે, અને પાછું વારંવાર ફર્માવવું, મારાથી પૂછી લો ! મારાથી પૂછી લો ! એ હક઼ીક઼તનો પુરાવો છે કે હુઝૂર ﷺને અલ્લાહના ફઝ્લો કરમથી ગૈબનો ઈલ્મ પ્રાપ્ત છે. એક અરબ આલિમ શૈખ અહમદ બિન મુહમ્મદ ઈબ્ને અસ્સિદીક અલગમ્મારી અલહસનીએ કિતાબ લખી છે જેમાં તેમણે તે ગૈબી ખબરોનો સંગ્રહ (જમા) કર્યો છે. જે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવી છે. વાંચી વાંચીને આશ્ચર્યમાં વધારો થઈ જાય છે, અને એમ લાગે છે કે ભૂતકાળ તથા ભવિષ્ય હુઝૂર ﷺના સમક્ષ એક આઈનાની જેમ છે. અને કેમ ન હોય ?! સરકાર ﷺખૂદ ફર્માવે છે. ''મારી પાસે જમીનના ખઝાનાની ચાવીઓ લાવવામાં આવી અને મારા હાથોમાં રાખી દેવામાં આવી.'' *(બુખારી શરીફ–૮૪૮, મુસ્લિમ, ૧૧૬–૨)*

મુફતી અહમદમિયાં બરકાતીએ ''ઈસ્લામ તથા આધુનિક શોધો''ના નામે તેનો તર્જુમો કર્યો છે જે ૧૯૮૦માં લાહોરથી પ્રકટ





થઈ ચૂકી છે.

ખજાનાનો માલિક તે હોય છે જેની પાસે તેની ચાવીઓ હોય છે. પરંતુ તેનો મતલબ હરગિઝ એ નથી કે મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલા ઈખ્તિયાર (અધિકાર) વિનાનો થઈ ગયો ! બલ્કે તેનાથી તેની કુદરત તથા ઈખ્તિયાર અધિક જાહેર થાય છે.

અલ્લાહ તઆલાએ પોતાના કરમથી પોતાના હબીબ ﷺને કેટલા નવાઝયા છે ! આ જ તો કુંજીઓ છે જેનાથી કુર્આની આયતોના અર્થો તથા માઈનાઓનો ખજાનો ખોલવામાં આવે છે. કુર્આનને આપણે પણ જોઈએ છીએ, આપણે પણ પઢીએ છીએ પરંતુ કુર્આની આયતોમાં નિગાહે મુસ્તફા ﷺ જે કાંઈ જુએ છે તેને આપણે નથી જોઈ શકતા ! માત્ર એક ઉદાહરણ રજૂ કરું છું, કુર્આને કરીમમાં એક આયત છે :–

وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ

''અને તેમના માટે તૈયાર રાખો જે ''કુવ્વત'' તમારાથી બની શકે.'' (એટલે કે ઈસ્લામના દુશ્મનો માટે) *(સૂ. અન્ફાલ, આ.–૬૦)*

અહીંયા ''કુવ્વત'' શબ્દમાં જાહેરી રીતે કોઈ ભેદ જણાતો નથી. પરંતુ જ્યારે આ રાઝ તથા રહસ્યથી આપ ﷺએ પરદો ઉઠાવ્યો તો ઈન્સાની દિમાગ આશ્ચર્ય ચકીત થઈ ગયું. ''કુવ્વત'' શબ્દની તફસીર (સ્પષ્ટતા) વર્ણન કરતાં આપ ﷺએ ફર્માવ્યું, ખબરદાર ! આ કુવ્વત (શક્તિ) ''રમી'' છે. ખબરદાર ! આ કુવ્વત ''રમી'' છે. ખબરદાર ! આ ''કુવ્વત રમી'' છે. *(મુસ્લિમ શરીફ, ૧૪૩–૨)*

અરબી ભાષામાં ''રમી''નો અર્થ ''ફૈંકવું'' થાય છે. જેમ કે હજજમાં શૈતાનો ઉપર કાંકરીઓ ફૈંકવામાં આવે છે એટલા માટે તેને ''રમી'' કહેવામાં આવે છે. આ હદીષે પાકમાં હુઝૂર ﷺએ

એ તમામ હથિયારોનું વર્ણન ફર્માવ્યું જે આજે આપણી નજરો સમક્ષ છે અને ''કુવ્વત'' (ફેંકવું)નું સંતુલન તે દેશોના માટે છે જેની પાસે આ હથિયારો છે જેમ કે ખતરનાક એટમ બોંબ, મિસાઈલ, રોકેટ વગેરે આ બધા હથિયારો ફેંકવામાં આવે છે અને ''કુવ્વત''ના રહસ્ય તથા તેના ભેદ બની ગયા છે.

હદીષોનો અભ્યાસ કરશો તો તમને ગૈબી ખબરોનો એક સમુદ્ર જોવા મળશે.

અને જે કાંઈક ઉપર વર્ણન કરવામાં આવ્યું તેના સારાંશમાં આપણને ''ઈલ્મે ગૈબ'' વિશે નિમ્નલિખિત હકીકતો જાણવા મળી. આ હકીકતો તથા વાસ્તવિકતાઓને સારી રીતે ધ્યાનમાં રાખવી જોઈએ :–

૧. પ્રથમ વાત એ જાણવા મળી કે ''ઈલ્મે ગૈબ'' (ગુપ્તતાનું જ્ઞાન) એક હકીકત છે.

૨. બીજી વાત એ જાણવા મળી કે ''ઈલ્મે ગૈબ'' (ઝાતી) અલ્લાહ તઆલાના માટે જ છે.

૩. ત્રીજી વાત કે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મેહબૂબ ﷺને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો છે.

૪. ચોથી કે અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો છે.

૫. પાંચમી કે હુઝૂર ﷺએ ''ઈલ્મે ગૈબ'' સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ને બતાવ્યો છે, અને તેઓએ આપણને બતાવ્યો છે.

હાલમાં ઈસ્લામી જગત વૈશ્વિક સ્તરે કાવતરાંઓનો શિકાર છે. ઈસ્લામના દુશ્મનોનું નિશાન રસૂલુલ્લાહ ﷺની પવિત્ર જાત





છે. અને તે જ દિલો નઝરનું એવું કેન્દ્ર છે જેના દ્વારા જિંદગી મળે છે. આ રીતના કાવતરાં મુજબ જગતના મુસ્લિમોને તેવી દરેક વાત તથા વિચારો તેમજ દરેક તેવા અમલોથી રોકવામાં આવે છે જેનાથી દિલો દિમાગમાં હુઝૂર ﷺ પ્રત્યે મહોબ્બત તથા અઝમત (મહાનતા)ની ભાવના તીવ્ર થતી જાય, આવાં કાવતરાંઓ તથા પ્રોપેગંડાઓથી આપણે પોતાને સુરક્ષિત રાખવા જોઈએ અને આપણે એ યકીન રાખવું જોઈએ કે અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લો કરમથી હુઝૂર ﷺને બધું જ અતા ફર્માવ્યું છે. બેશક :–

**લોહ ભી તૂ, કલમ ભી તૂ, તેરા વજૂદ અલકિતાબ**
**ગુંબદે આબગીના રંગ તેરે વુજૂદ મેં હિબાબ**

*– (ડો. ઈકબાલ)*